# હવે મેનુ કાર્ડ પર લખવું પડશે કે પનીર ‘શુદ્ધ’ છે કે ‘વેજિટેબલ ફેટ’ વાળું એનાલોગ!

**“પનીર”** નામે વેચાતાં એનાલોગ ઉત્પાદનો માટે સરકારની ગાઈડલાઈન

ગાંધીનગરઃ રાજ્યભરના હોટેલ, રેસ્ટોરન્ટ અને તૈયાર ખોરાક વેચતા એકમો માટે “પનીર” તરીકે વેચાતા ઉત્પાદનોમાં જો એનાલોગ અથવા વેજીટેબલ-ફેટ આધારિત વિકલ્પોનો ઉપયોગ થતો હોય તો તેની સ્પષ્ટ માહિતી ગ્રાહકોને આપવી ફરજિયાત રહેશે. રાજ્યના ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર (FDCA) દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ છેલ્લા કેટલાક સમયથી બજારમાં “પનીર” તરીકે એનાલોગ અથવા વેજીટેબલ ફેટથી બનેલા વિકલ્પોનો વધતો ઉપયોગ જોવા મળી રહ્યો છે. આ પરિસ્થિતિમાં ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાના બનાવો અટકાવવા માટે સરકાર દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે. આ ઉપરાંત, ખોરાક સુરક્ષા અને ધોરણ અધિનિયમ, 2006 તથા સંબંધિત નિયમો હેઠળ નિયંત્રણ તંત્ર દ્વારા નિયમિત નિરીક્ષણ, ચકાસણી અને સેમ્પલિંગ કરવામાં આવશે. નિયમોનો ભંગ કરનાર સામે કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.



### નિયમોનો ભંગ કરનાર સામે કાર્યવાહી

» હોટેલ, રેસ્ટોરન્ટ અને ફૂડ બિઝનેસ ઓપરેટર્સે મેનુ કાર્ડ અથવા નોટિસ બોર્ડ પર સ્પષ્ટ રીતે દર્શાવવું પડશે કે ઉપયોગમાં લેવાતું પનીર “Analogue” છે કે “Paneer”.
» ઉત્પાદનના પેકેજિંગ અને લેબલિંગમાં સંપૂર્ણ પારદર્શિતા રાખવી જરૂરી રહેશે.
» ગ્રાહકોને ભ્રમિત કરે તેવી કોઈપણ માહિતી આપવી કાયદેસર ગુનો ગણાશે.
» ઉપયોગમાં લેવાતું પનીર “Analogue” છે કે “Paneer” તે બોડ

## ગુજકેટ પરીક્ષાના પ્રશ્નપત્રની પ્રોવિઝનલ આન્સર કી વેબસાઈટ પર મુકાઈ

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ગુજકેટ 2026ના ચાર વિષયની પરીક્ષાના પ્રશ્નપત્રોના સેટ નિષ્ણાત તજજ્ઞોની મદદથી તૈયાર કરવામાં આવેલી પ્રોવિઝનલ આન્સર કી બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવી છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ આન્સર કી અંગે કોઈ રજૂઆત હોય તો આ સાથે નિયત નમુનામાં વિષયવાર માધ્યમવાર પ્રશ્ન દીઠ અલગ અલગ ફોર્મ ભરી ઈમેલ ઉપર 8મી એપ્રિલ બુધવારે સાંજે 5-00 વાગ્યા સુધી જરૂરી આધાર સાથે મોકલી આપવાની રહેશે. સમય મર્યાદા બાદ તેમજ જરૂરી આધાર સિવાય મળેલી રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આન્સર કી અંગેની રજૂઆત માત્ર ઈમેલ મારફતે જ સ્વીકારવામાં આવશે. જે માટે નિયત થયેલી રૂપિયા 500ની ફી ચલણથી એસબીઆઈ બેન્કમાં ભરવાની રહેશે. ચલણનો નમુનો બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવેલો છે. રજૂઆત સાથે ફી ભરેલા ચલણ પણ ઈમેલ મારફતે મોકલવાની રહેશે.

# ઈરાને સસ્તાં ડ્રોન વડે હુમલાઓ કરીને અમેરિકા જેવી મહાસત્તાને હંફાવી દીધી છે

સમયના વીતવા સાથે યુદ્ધની કળા પણ બદલાતી હોય છે. કોઈ કાળે તીરકામઠાં વડે યુદ્ધ લડાતું હતું. પછી તોપો અને બંદૂકોનો જમાનો આવ્યો. બીજાં વિશ્વયુદ્ધ દરમિયાન યુદ્ધ જીતવા માટે હવાઈ દળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઈરાનનું હવાઈ દળ લગભગ ખતમ થઈ ગયું છે, તો પણ યે ડ્રોન અને મિસાઈલ જેવાં હથિયારો વડે યુદ્ધ લડી રહ્યું છે અને અમેરિકા જેવી મહાસત્તાને હંફાવી રહ્યું છે. અમેરિકાનાં ફાઈટર જેટની કિંમત કરોડો ડોલરની હોય છે, પણ કેટલાક હજાર ડોલરને ખર્ચે બનાવવામાં આવેલું ડ્રોન આ ફાઇટર જેટને પણ તોડી શકે છે. છેલ્લા એક મહિનાથી ગલ્ફ ક્ષેત્રમાં ફેલાયેલી અરાજકતાએ ફરી એકવાર આધુનિક યુદ્ધમાં ડ્રોનનું મહત્ત્વ દર્શાવ્યું છે. ૨૦૨૨ માં રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારથી આ હથિયારનો સફળતાથી ઉપયોગ કરવામાં આવ્યો છે. ઈરાને પશ્ચિમ એશિયામાં અમેરિકાનાં સેન્સર, રડાર, લશ્કરી મથકો, તેલ અને ગેસની માળખાકીય સુવિધાઓ, બંદરો, એરપોર્ટ અને રહેણાંક વિસ્તારોને આક્રમક રીતે નિશાન બનાવવા માટે બેલિસ્ટિક મિસાઇલો સાથે શાહેદ ડ્રોનનો પણ ઉપયોગ કર્યો છે. શાહેદ ડ્રોનને કારણે થયેલું મોટું નુકસાન લશ્કરી શસ્ત્રાગારમાં ઓછા ખર્ચે ડ્રોનનો સમાવેશ કરવાના ફાયદાને સાબિત કરે છે.

ઈરાની ડ્રોનની સૌથી મોટી તાકાત તેનું સસ્તાપણું છે. યુદ્ધમાં વપરાતા શાહેદ ડ્રોનની કિંમત ૨૦ થી ૫૦ હજાર ડોલરની વચ્ચે હોય છે. શાહેદ ૧૩૬ અને શાહેદ ૧૦૭ પિસ્ટન-એન્જિનવાળા સિંગલ-બેરલ લોઇટરિંગ મ્યુનિશન છે, જ્યારે શાહેદ ૨૩૮ જેટ-એન્જિનવાળા લોઇટરિંગ મ્યુનિશન છે. ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈરાન લક્ષ્યોને નિશાન બનાવવા માટે ડ્રોનનાં ટોળાંનો ઉપયોગ કરી રહ્યું છે. ઈરાન દ્વારા એક સાથે મોટી સંખ્યામાં ડ્રોન છોડવામાં આવે ત્યારે અમેરિકાની અદ્યતન તેમ જ ખર્ચાળ મિસાઈલ ઇન્ટરસેપ્ટર પ્રણાલી મૂંઝાઈ જાય છે અને તે ડ્રોનના હુમલાને ખાળી શકતી નથી. અમેરિકા અને ઇઝરાયલી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ પર ત્રાટકવા માટે શાહેદ-૧૩૬, શાહેદ-૧૦૭ અને શાહેદ-૨૩૮ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ઈરાની ડ્રોનના હુમલાને અટકાવવા માટે તૈનાત કરાયેલી અમેરિકન અને ઇઝરાયલી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અત્યંત ખર્ચાળ છે. એવો અંદાજ છે કે અમેરિકાની ટર્મિનલ હાઇ અલ્ટીટ્યુડ એરિયા ડિફેન્સ (THAAD) સિસ્ટમ અથવા પેટ્રિઅટ મિસાઇલ સિસ્ટમ (PAC-3) દ્વારા દરેક અવરોધ (હવામાં હુમલો કરનાર મિસાઇલ અથવા ડ્રોનને તોડી પાડવા) ની કિંમત ૧૦ લાખથી ૪૦ લાખ ડોલરની વચ્ચે છે. આ નોંધપાત્ર ખર્ચ તફાવત ઉપરાંત અન્ય ગૂંચવણો પણ છે. ઈરાન સસ્તાં ડ્રોનના હુમલા



વડે ઇન્ટરસેપ્ટર મિસાઇલો ઝડપથી ખતમ કરી નાખે છે. સસ્તાં ડ્રોન વડે મોંઘાદાટ મિસાઈલ ઇન્ટરસેપ્ટર ખલાસ થઈ જાય તે પછી ઈરાન યુદ્ધમાં લાંબા અંતર પર પ્રહાર કરતાં મિસાઈલો છોડે છે, જેને ખાળવાનું મુશ્કેલ થઈ જાય છે. ઇન્ટરસેપ્ટર મિસાઈલનું ઉત્પાદન કરવાની પ્રક્રિયા લાંબી છે. સપ્લાય ચેઇનની નબળાઈઓને કારણે યુદ્ધમાં છોડવામાં આવતાં અમેરિકાનાં ટોમાહોક મિસાઇલોને બનાવવામાં પાંચ વર્ષથી વધુ સમય લાગી શકે છે.

યુદ્ધના શરૂઆતના દિવસોમાં અમેરિકા અને તેના સાથીઓએ ઈરાની ડ્રોન અને મિસાઇલોને અટકાવવા માટે ૮૦૦ થી વધુ ઇન્ટરસેપ્ટર મિસાઇલોનો ઉપયોગ કર્યો હતો. તેનાથી વિપરીત, લોકહીડ માર્ટિને સમગ્ર ૨૦૨૫ વર્ષ માટે ફક્ત ૬૨૦ PAC-3 મિસાઇલોનું ઉત્પાદન કર્યું હતું. હકીકતમાં, ઈરાનનાં ડ્રોન ટોળાંઓની કિંમત અને અમેરિકા, ઇઝરાયલ અને તેમના સાથીઓ દ્વારા તેમને નિષ્ક્રિય કરવા અથવા રોકવા માટે ઉપયોગમાં લેવાતી ઇન્ટરસેપ્ટર સિસ્ટમ્સની કિંમત વચ્ચે ઘણો તફાવત છે. માળખાકીય પુરવઠા શૃંખલા મર્યાદાઓ અને રિપ્લેસમેન્ટ મુશ્કેલીઓને કારણે આ ખર્ચ અસંતુલને આ સંઘર્ષમાં એક પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે, જેના કારણે ઈરાન સંયુક્ત વિપક્ષ સામે તેની સંબંધિત લશ્કરી નબળાઈની ભરપાઈ કરી શકે છે. અમેરિકા જેવી મહાસત્તાને ઈરાન લશ્કરી તાકાતમાં પહોંચી શકે તેમ જ નથી, પણ યુદ્ધ લાંબું ચલાવવાની અને સસ્તામાં ચલાવવાની તેની વ્યૂહરચના અમેરિકાને પજવી રહી છે.

**ટુ ધ પોઈન્ટ**
**■ સંજય વોરા ■**

ઈરાની ડ્રોન ઇન્ટરસેપ્ટર કરતાં ઘણાં ઓછાં ખર્ચાળ છે અને તેનું ઉત્પાદન અને પુનઃસ્થાપન સરળ છે. ઇન્ટરસેપ્ટર લોન્ચ કરવાના નિર્ણયને કારણે ઇઝરાયલ, અમેરિકા અને ગલ્ફ દેશો માટે નાણાંકીય બોજમાં વધારો થાય છે. કેટલાક ગલ્ફ દેશોએ તેમના ઇન્ટરસેપ્ટર ભંડારને સાચવવા માટે વૈકલ્પિક વ્યૂહરચના અપનાવવી પડી છે. ગલ્ફના દેશોએ શાહેદ ડ્રોનને તોડી પાડવા માટે F-૧૬ ફાઇટર જેટ તૈનાત કર્યા છે. જો કે, આ પદ્ધતિ ખૂબ ખર્ચાળ પણ છે. F-૧૬ ને હવામાં રાખવાનો ખર્ચ પ્રતિ કલાક આશરે ૨૫,૦૦૦ ડોલર જેટલો થાય છે. વર્તમાન પરિસ્થિતિમાં પશ્ચિમી ઔદ્યોગિક ક્ષમતા પર નવાં શસ્ત્રો અને ઇન્ટરસેપ્ટર પૂરાં પાડવા માટે દબાણ વધી રહ્યું છે.

યુદ્ધનાં આ બદલાયેલાં આર્થિક સમીકરણ એ વાત પર ભાર મૂકે છે કે ટેકનોલોજીકલ રીતે અદ્યતન અને મૂડીથી સમૃદ્ધ સેનાઓને પણ ઓછી કિંમતની શસ્ત્ર પ્રણાલીઓથી સજ્જ ચાલાક અને કાર્યક્ષમ વિરોધીઓ દ્વારા પડકારવામાં આવી શકે છે. ઓપન સોર્સ ઇન્ટેલિજન્સ, સેટેલાઇટ ઇમેજરી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સે યુદ્ધના ટેકનોલોજીકલ આર્કિટેક્ચરને વધુ પ્રભાવિત કર્યું છે. જ્યારે તકનીકી રીતે અદ્યતન વિકલ્પો નિઃશંકપણે સૈન્યની ક્ષમતાઓમાં વધારો કરે છે, ત્યારે આ સૈન્યને હવે ભવિષ્યના સંઘર્ષો માટે ઓછા ખર્ચે આક્રમક અને રક્ષણાત્મક વિકલ્પોની પણ જરૂર પડશે. આનો અર્થ એ નથી કે ઓછી મૂડી અને ઓછી ટેકનોલોજી ધરાવતી સેનાઓ વિજયી બનશે, પરંતુ તે ચોક્કસપણે યુદ્ધભૂમિને વધુ જટિલ બનાવે છે. આ અસમાનતાની અસરો પશ્ચિમ એશિયામાં વર્તમાન સંઘર્ષ સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ તેનાં દૂરગામી પરિણામો આવશે.

ભારત પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધથી ભલે ઘણું દૂર હોય, પરંતુ તે તેની આર્થિક અને ઉર્જાસંબંધિત અસરોથી સંપૂર્ણપણે મુક્ત નથી. આ યુદ્ધના ભારત માટે અનેક મહત્ત્વપૂર્ણ પરિણામો છે. ગયા ઉનાળામાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના હવાઈ મુકાબલામાં સ્પષ્ટ થયું હતું તેમ ડ્રોનનાં ટોળાં હવે દક્ષિણ એશિયામાં પણ યુદ્ધમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. મ્યાનમારમાં પણ જુન્ટા અને બળવાખોરો વચ્ચે ડ્રોનયુદ્ધ ચાલી રહ્યું છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષોમાંથી ઉભરી રહેલી વ્યૂહરચનાઓ ભારતીય ઉપખંડમાં ડ્રોનયુદ્ધને વધુ જટિલ બનાવશે. ભારતીય સેનાના શસ્ત્રાગારમાં ઘણા હાઇ-ટેક ડ્રોનનો સમાવેશ થાય છે. આમાં ઇઝરાયેલી રિકોનિસન્સ ડ્રોન, IAI સર્ચર અને હાર્પર અને ઇઝરાયેલી લોઇટરિંગ દારૂગોળા, જેમ કે હારોપ અને હાર્પીનો સમાવેશ થાય છે, જેનો ઉપયોગ ઓપરેશન સિંદૂર દરમિયાન કરવામાં આવ્યો હતો.

હાર્પીનો એક પ્રકાર સ્કાય સ્ટ્રાઈકર ભારતમાં સહ-ઉત્પાદિત થઈ રહ્યો છે. અમેરિકન બનાવટનાં MQ-૯ રીપર ડ્રોન પણ સમય જતાં ભારતીય ભંડારમાં સામેલ કરવામાં આવશે. ઓપરેશન સિંદૂર દરમિયાન નાગસ્ત્ર ૧ જેવાં સ્વદેશી કામિકાઝ ડ્રોન પણ તૈનાત કરવામાં આવ્યાં હતાં. ભારતીય લશ્કરી શસ્ત્રાગારમાં એક મોટી ખામી એ છે કે સસ્તાં અને સરળતાથી ઉત્પાદિત થતાં કામિકાઝ ડ્રોન ખૂબ જ મર્યાદિત સંખ્યામાં છે. જ્યારે નાગસ્ત્ર જેવા સ્વદેશી શસ્ત્રો અને KAL અને શેષનાગ ડ્રોન જેવા તાજેતરના પ્રોજેક્ટો અસ્તિત્વમાં છે, ત્યારે ટુકડાઓમાં ખરીદી તેમને મોટા પાયે જમાવટ માટે યોગ્ય બનાવતી નથી. લશ્કર માટે જરૂરી છે કે ઓછા ખર્ચે હજારો કામિકાઝ ડ્રોનનો ઓર્ડર આપવો. પશ્ચિમ એશિયામાંથી બીજો એક મહત્ત્વપૂર્ણ બોધપાઠ એ છે સસ્તી તથા અસરકારક કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ્સ મોટા પાયે વિકસાવવાની અને ખરીદવાની જરૂર છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**યુદ્ધમાં વપરાતાં શાહેદ ડ્રોનની કિંમત ૨૦ થી ૫૦ હજાર ડોલરની વચ્ચે હોય છે, જ્યારે તેને રોકવા માટે વપરાતાં મિસાઈલ ઇન્ટરસેપ્ટરની કિંમત ૧૦ થી ૪૦ લાખ ડોલર જેટલી હોય છે**

### ટિકિટ બાદ બળવો અટકાવવા ભાજપનું અગાઉથી ડેમેજ કન્ટ્રોલ, શિસ્ત સમિતિ સક્રિય

# બળવાખોરો માટે ભાજપના દરવાજા કાયમ માટે બંધ

**શિસ્ત** સમિતિની બેઠકમાં કાર્યકર્તાઓને સ્પષ્ટ સૂચના

**ટિકિટ** ન મળવાથી નારાજ થનારા કાર્યકરો પક્ષને નુકસાન ન પહોંચાડે તે માટે શિસ્તનો કોરડો વીંઝવાની પૂરી તૈયારી

ગાંધીનગરઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે ઉમેદવારોને ટિકિટ આપ્યા બાદ આંતરિક વિવાદ ન વકરે તે માટે અત્યારથી જ ડેમેજ કન્ટ્રોલ શરૂ કરી દીધું છે. પાર્ટીએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, ટિકિટ મુદ્દે બળવો કરનારને શિસ્તના પાઠ ભણાવવામાં આવશે અને જરૂરી હોય તો પક્ષમાંથી બહારનો રસ્તો પણ બતાવવામાં આવશે. ભારતીય જનતા પાર્ટીએ આંતરિક વિખવાદ અને જૂથવાદને ડામવા માટે અત્યારથી જ ‘ડેમેજ કન્ટ્રોલ’ મોડ ઓન કરી દીધું છે. ભાજપે ચૂંટણી પહેલાં જ ‘પાણી પહેલા પાળ’ બાંધી દીધી છે. ટિકિટ ન મળવાથી નારાજ થનારા કાર્યકરો પક્ષને નુકસાન ન પહોંચાડે તે માટે શિસ્તનો કોરડો વીંઝવાની પૂરી તૈયારી કરી લેવામાં આવી છે. હવે જોવાનું એ રહેશે કે ૧૦ હજારથી વધુ બેઠકો પર પસંદગી પામેલા ઉમેદવારો સામે પક્ષમાં કેવો પ્રતિસાદ મળે છે.

“મારા કે તારા નહીં, પરંતુ સારા ઉમેદવારને જ ટિકિટ મળશે” એવો કડક સંદેશ પ્રદેશ પ્રમુખ વિશ્વકર્મા દ્વારા પહેલાથી જ અપાઈ ચૂક્યો છે. હવે કમલમથી વધુ એક આદેશ આપવામાં આવ્યો છે કે, કોઈપણ કાર્યકર અથવા નેતા ટિકિટ માટે દબાણ કે ધમપછાડા કરશે તો તેની સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. શિસ્ત સમિતિની બેઠકમાં કાર્યકર્તાઓને આ બાબતે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે.

“માપમાં રહેજો, નહિંતર પગલા લેવાશે” ટિકિટ જાહેર થયા બાદ પક્ષમાં અસંતોષ અને આંતરિક કકળાટ ઊભો થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને ભાજપે પહેલેથી જ કડક વલણ અપનાવ્યું છે.

# કોંગ્રેસ આજે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરશે

**7 એપ્રિલ** સુધી તમામ જિલ્લાના ઉમેદવારોનાં નામો અંગે ચર્ચા થશે

**સ્થાનિક** અને યુવાનને પ્રાધાન્ય, ક્રિમિનલ રેકોર્ડ ધરાવનારને ટિકિટ નહીં

અમદાવાદ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ કોંગ્રેસ ચૂંટણી સંકલન સમિતિની બેઠક મળી હતી. આ બેઠક દરમિયાન તમામ મુદ્દાઓ પર ઝીણવટપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક સ્તરે જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે, જેના ભાગ સ્વરૂપે સમગ્ર ગુજરાતના તમામ તાલુકા, જિલ્લા અને શહેરોમાં પ્રદેશના નિરીક્ષકની ઉપસ્થિતિમાં ઉમેદવારોને સાંભળવામાં આવ્યા હતા.

હાલમાં લગભગ નવ મહાનગરપાલિકાઓની ઉમેદવારોની પેનલ અને આખરી યાદીઓ મળી છે. આ તમામ પેનલો પર વિસ્તૃત ચર્ચા અને સઘન ચકાસણીની લગભગ પૂર્ણ થઈ છે, ત્યારે આવતીકાલ તા. 5મી એપ્રિલના રોજ પ્રથમ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતુ કે, જેમાં ખાસ કરીને યુવા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવે, ગુનાહીત ઈતિહાસ ધરાવતા લોકોને ચૂંટણીમાં ટિકિટ નહીં આપવા માટેની ચર્ચા થઈ હતી. સ્થાનિક ચૂંટણી સમિતિઓ સાથે જિલ્લા પ્રમુખો, તાલુકા પ્રમુખો અને પ્રભારીઓએ વિસ્તૃતમાં એક એક સીટની છણાવટ સાથે ચર્ચાઓ કરી છે.

આગામી ત્રણ દિવસ 5, 6 અને 7 એપ્રિલ દરમિયાન તબક્કાવાર રીતે ગુજરાતના તમામ જિલ્લાઓના પ્રતિનિધિઓ અને આગેવાનોની રજૂઆત સાંભળવામાં આવશે. જિલ્લાઓ દ્વારા મોકલવામાં આવેલી ઉમેદવારોની પેનલો પર ચર્ચા કરીને, યોગ્ય ચકાસણી બાદ ઉમેદવારોની યાદીને આખરી સ્વરૂપ આપવામાં આવશે.

અમિત ચાવડાના હસ્તે કઠલાલના પૂર્વ APMC ચેરમેન હસમુખ ગુલાબસિંહ પરમાર, ઈન્દ્રવદન પરમાર- ચેરમેન, દૂધ મંડળી, રમેશ બુધાભાઈ પરમાર - પૂર્વ ચેરમેન દૂધ મંડળી, મનુભાઈ બાબુભાઈ સોલંકી- સમાજ અગ્રણી સહિતી રાજ્યના 100 થી વધુ વિવિધ સહકારી ક્ષેત્રનાં સામાજિક તથા રાજકીય આગેવાનો કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા.

## BUSINESS મિત્ર

# પ્રાયમરી બજારની હાલત ખરાબ: દર ત્રણમાંથી બે IPO ઇશ્યૂ ભાવથી નીચે જોવાયા

**તાજેતરમાં** આઇપીઓ લાવનારા 15 કંપનીઓના ભાવ ઇશ્યૂ પ્રાઇઝથી 50 ટકા નીચે જોવાયા

**વૈશ્વિક** અનિશ્ચિતતાના માહોલમાં રોકાણકારો આઇપીઓ બજારથી અળગા રહેતા જોવા મળ્યા છે

મુંબઇ, તા. 4: છેલ્લા એક વર્ષથી વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલના લીધે ભારતીય શેરબજારમાં વધઘટે નીચે સરકતા જોવા મળી રહ્યા છે, સેકેન્ડરી બજારની ખરાબ હાલત પ્રાયમરી બજાર ઉપર જોવા મળી રહી છે અને રોકાણકારો આઈપીઓ બજારથી અળગા રહેતા જોવા મળ્યા છે. જેના લીધે દર ત્રણમાંથી લગભગ બે આઈપીઓના શેર તેમના ઈશ્યૂ ભાવથી નીચે ટ્રેડ કરી રહ્યા છે, જે નબળા બજાર ભાવનાને પ્રતિબિંબિત કરે છે. ગયા વર્ષે લિસ્ટેડ થયેલી લગભગ 66 ટકા કંપનીઓના શેર તેમના આઈપીઓ ઓફર ભાવથી નીચે ટ્રેડ થઈ રહ્યા છે. મોટાભાગના આઈપીઓ રોકાણકારો નિરાશ છે. આશરે 15 કંપનીઓના શેર તેમના ઈશ્યૂ ભાવથી ઓછામાં ઓછા 50 ટકા નીચે ટ્રેડ થઈ રહ્યા છે. ગ્લોટિસ, વીએસએમ ટીએમટી, મંગલ ઈલેક્ટ્રિકલ, જિંકુશાલ ઈન્ડસ્ટ્રીઝ અને શ્રી રામ ટ્વિસ્ટેક્સના શેરોએ રોકાણકારોના પૈસા 70 ટકા સુધી ગુમાવ્યા છે. આ આઈપીઓ બજારની બદલાતી ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે, જે તાજેતરમાં સુધી સમૃદ્ધ હતું, જ્યારે ઘણા આઈપીઓ નોંધપાત્ર પ્રીમિયમ પર લિસ્ટેડ થયા હતા.

છેલ્લા 12થી 18 મહિનાથી શેરબજાર દબાણ હેઠળ છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તીવ્ર ઘટાડો થયો છે. મોટાભાગના આઈપીઓ આ બે સેગમેન્ટમાં હતા, જેના કારણે તેમના શેરના ભાવ ઘટાડાથી વધુ પ્રભાવિત થયા હતા. આના કારણે રોકાણકારોના વર્તનમાં પણ પરિવર્તન આવ્યું છે. પહેલા રોકાણકારો આઈપીઓને ઝડપી પૈસા કમાવવાના સાધન તરીકે જોતા હતા. હવે, તેઓ આઈપીઓમાં રોકાણ કરવામાં ખચકાટ અનુભવી રહ્યા છે.

વિશ્લેષકો કહે છે કે રોકાણકારો આઈપીઓમાં રોકાણ કરવામાં સાવધાની રાખી રહ્યા છે. ખાસ કરીને તાજેતરના બજારમાં ઘટાડા પછી, રોકાણકારોનું વર્તન બદલાઈ રહ્યું છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષની અસર ફક્ત શેરો પર જ નહીં પરંતુ સોના અને બોન્ડ જેવી અન્ય સંપત્તિઓ પર પણ પડી છે. ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને નબળા રૂપિયાને કારણે ફુગાવો વધવા, વૃદ્ધિ ધીમી પડવા અને મૂડી બહાર નીકળવાનું જોખમ વધ્યું છે.

છેલ્લા કેટલાક અઠવાડિયામાં લોન્ચ થયેલા ઘણા આઈપીઓને ખૂબ ઓછો પ્રતિસાદ મળ્યો છે. આઈપીઓ શેરના લિસ્ટિંગ વિશે માહિતી આપતું ગ્રે માર્કેટ પણ નબળાઈ બતાવી રહ્યું છે. ઘણા આઈપીઓ શેરના જીએમપી નકારાત્મક અથવા ખૂબ ઓછા રહ્યા છે. આ આઈપીઓ અંગે નબળા સેન્ટિમેન્ટ દર્શાવે છે. બોનાન્ઝા પોર્ટફોલિયોના સંશોધન વિશ્લેષક ખુશી મિસ્ત્રીએ જણાવ્યું હતું કે રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતા ઘટી છે, જેની આઈપીઓ બજાર પર અસર પડી રહી છે.

# પશ્ચિમ એશિયાના તણાવથી વૈશ્વિક અર્થતંત્રની સ્થિરતા માટે ખતરોઃ ઈયુ પ્રમુખ

**હોર્મુઝના** જળમાર્ગમાં વહાણવટાની સ્વતંત્રતા ફરી સ્થાપિત કરવા માટે ૩૫ દેશો સાથે મળીને યુકે પ્રયાસો કરી રહ્યું છે

નવી દિલ્હી, તા. 4: ઇયુ પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને એક્સ પર લખ્યું કે, કીર સ્ટારમર સાથે સારી વાતચીત થઇ. અમે મધ્ય પૂર્વ અને હોર્મુઝ સ્ટ્રેટની પરિસ્થિતિ પર ચર્ચા કરી. ઇરાનના હુમલાઓ વૈશ્વિક આર્થિક સ્થિરતાને જોખમમાં મુકી રહી છે. અમે અમારા ભાગીદારો સાથે કામ કરીશું જેથી ખાતરી કરી શકાય કે નેવિગેશનની સ્વતંત્રતા શક્ય તેટલી વહેલી તકે પુનઃસ્થાપિત થાય. તેણીએ ઉમેર્યું, અમે આગામી ઇયુ-યુકે સમિટ વિશે પણ ચર્ચા કરી. ગયા વર્ષની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા અને અમારી ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે આ એક મહત્વપૂર્ણ ક્ષણ છે.

વધુમાં, બ્રિટન હોર્મુઝ સ્ટ્રેટ પર એક વર્ચ્યુઅલ સમિટનું આયોજન કરશે, જેમાં 35 દેશોના પ્રતિનિધિઓને એકઠા કરીને મહત્વપૂર્ણ જળમાર્ગને ફરીથી ખોલવા માટે રાજદ્વારી અને રાજકીય વિકલ્પોની ચર્ચા કરવામાં આવશે. આ બેઠક એવા સમયે આવી છે જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન સાથી દેશોની ટીકા કરી છે, અને તેમને પોતાને બચાવવાનું શીખવા વિનંતી કરી છે. યુકેના પીએમ કીર સ્ટાર્મરે બુધવારે જાહેરાત કરી, યુકેના વિદેશ સચિવ યવેટ કૂપર એક બેઠકનું આયોજન કરશે જે પ્રથમ વખત બધા દેશોને હોર્મુઝ સ્ટ્રેટ સંબંધિત ચિંતાઓની ચર્ચા કરવા અને તેને દૂર કરવા માટે એકસાથે લાવશે. એક બ્રિટિશ અધિકારીએ યુએસ મીડિયા સીએનએનને જણાવ્યું હતું કે બ્રિટન આ પહેલ પર યુએસ સાથે કામ કરવાનું ચાલુ રાખશે, જે ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ સહિત અન્ય મુખ્ય ભાગીદારોને પણ એકસાથે લાવે છે. સ્ટાર્મરે કહ્યું કે લશ્કરી આયોજકોને પણ સમિટમાં આમંત્રિત કરવામાં આવશે જેથી તેઓ જોઇ શકે કે સંઘર્ષ સમાપ્ત થયા પછી આપણે આપણી ક્ષમતાઓ કેવી રીતે તૈયાર કરી શકીએ અને સ્ટ્રેટને સરળ અને સુરક્ષિત કેવી રીતે બનાવી શકીએ.

# ચોથા ક્વાર્ટરમાં HDFC બેન્કની ડિપોઝીટોમાં 15 ટકાની વૃદ્ધિ જોવા મળી

**જાન્યુઆરીથી** માર્ચમાં એડવાન્સીસમાં 12 ટકાનો વધારો નોંધાયો

મુંબઇ, તા. 4: એચડીએફસી બેન્કે જાન્યુઆરી-માર્ચ 2026 ક્વાર્ટરમાં મજબૂત વૃદ્ધિ નોંધાવી હતી. કુલ એડવાન્સિસમાં 12 ટકા અને કુલ ડિપોઝિટમાં વાર્ષિક ધોરણે 15 ટકાવધારો થયો હતો. આ અપડેટની અસર આગામી સપ્તાહમાં શેરબજારમાં જોવા મળશે. એચડીએફસી બેંક દ્વારા જાહેર કરાયેલા બિઝનેસ અપડેટ મુજબ, માર્ચ 2026 ક્વાર્ટરમાં સરેરાશ એડવાન્સિસ અંડર મેનેજમેન્ટ રૂ. 29.64 લાખ કરોડ હતું. આ આંકડો ગયા વર્ષના સમાન સમયગાળાના રૂ. 26.96 લાખ કરોડ કરતા આશરે 10 ટકાવધારે છે. પીરિયડ એન્ડ એડવાન્સિસ અંડર મેનેજમેન્ટ વાર્ષિક ધોરણે 10.2 ટકા વધીને આશરે રૂ. 30.58 લાખ કરોડ થયું છે. પીરિયડ એન્ડ ગ્રોસ એડવાન્સિસ આશરે રૂ. 29.60 લાખ કરોડ હતા, જે માર્ચ 2025 ક્વાર્ટરમાં રૂ. 26.44 લાખ કરોડ કરતા 12 ટકા વધારે છે.

એક્સચેન્જ ફાઈલિંગ મુજબ, માર્ચ 2026 ક્વાર્ટરમાં બેંકની સરેરાશ થાપણો વાર્ષિક ધોરણે 12.8 ટકા વધીને રૂ. 28.51 લાખ કરોડ થઈ છે. તે એક વર્ષ પહેલાં રૂ. 25.28 લાખ કરોડ હતી. સરેરાશ ચાલુ ખાતા બચત ખાતાની થાપણો 10.8 ટકા વધીને રૂ. 9.18 લાખ કરોડ થઈ છે, જ્યારે સરેરાશ સમય થાપણો 13.7 ટકા વધીને રૂ. 19.33 લાખ કરોડ થઈ છે.

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

# સર્ચની કાર્યવાહી ગેરકાયદેસર હોવાથી કલમ 74 હેઠળ ઈસ્યુ કરવામાં આવેલ નોટિસ ગેરકાયદેસર ન કહી શકાય

## નામદાર કર્ણાટક હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
**ઈશ્વર રૂદલાલ**

કલમ 67માં અધિકારીને તપાસ સર્ચ અને જપ્તીની સત્તા આપવામાં આવેલ છે. ત્યારે બની શકે આવી કાર્યવાહીમાં અધિકારી દ્વારા અનિયમિતતા થયેલ હોય. આમ છતાં આ કાર્યવાહીમાંથી મળેલ માહિતી અને પૂરાવાઓને આધારે GST કાયદાની કલમ 74 હેઠળની કારણદર્શક નોટિસ ગેરકાયદેસર ન કહી શકાય એવો અગત્યનો ચૂકાદો તાજેતરમાં ના. કર્ણાટક હાઈકોર્ટે આપ્યો છે. ખેર ! ના. કર્ણાટક હાઈકોર્ટના એડીશનલ કમિશ્નર સેન્ટ્રલટેક્ષ વિ. વિઘ્નેશ્વર ટ્રાન્સપોર્ટ કાું. રીટ અપીલનાં 101ય2025ના તા. 11-2-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએતો.

### હકીકત...

આ કેસમા ટ્રાન્સપોર્ટ કંપની સામે નકલી ઈન્વોઇસ અને ઇ-વે-બિલના દૂર-ઉપયોગ દ્વારા GSTની ચોરીનો આરોપ હતો. આ માટે અલગ કમિશ્નરેટ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને દસ્તાવેજી પૂરાવાઓ એકઠા કરવામાં આવ્યા હતા. આવા પૂરાવાને આધારે GST કાયદાની કલમ 74 હેઠળ આકારણી માટે કારણદર્શક નોટિસ આપવામાં આવી, જેને હાઈકોર્ટ સમક્ષ રીટ કરી પડકારવામાં આવી અને અરજદાર રજૂઆત કરવામાં આવી કે તપાસ કરનાર અધિકારી પાસે અધિકારક્ષેત્ર હતું નહીં અને ગેરકાયદેસર સર્ચમાંથી મળેલ પૂરાવાનો ઉપયોગ થઈ શકે નહીં, ના. સીંગલ જજે નોંધ્યું કે અન્ય ઉધાર લેવાયેલ સંતોષ- Borrowed Setisfaltin પર અપાયેલ આ નોટિસ છે અને ના. સીંગલ જજ દ્વારા બજાવવામાં આવેલ નોટિસ રદ કરવામાં આવી અને જપ્ત સામગ્રી પરત કરવા હુકમ કરવામાં આવેલ. આ ચૂકાદાથી નારાજ સરકારશ્રી તરફથી બે જજની બેન્ચ સમક્ષ અપીલ કરવામાં આવી.

### સરકાર તરફથી દલીલ...

સરકારશ્રી તરફથી રજૂઆત કરવામાં આવી કે આ કેસમાં ફરત જે અધિકારીને સત્તા છે તેમના દ્વારા સ્વતંત્રપણે કાર્યવાહી કરીને કારણદર્શક નોટિસ ઈસ્યુ કરવામાં આવી છે. સંબંધિત વ્યકિતઓના નિવેદનો લેવામાં આવેલ છે અને સર્ચમાં મળેલ પૂરાવાઓને આધારે નોટિસ બજાવવામાં આવેલ છે અને જે માહિતીને આધારે નોટિસ બજાવવામાં આવી છે તેની કોપી કરદાતાને આપવામાં આવી છે. આથી સીંગલ જજ દ્વારા આપવામાં આવેલ ચૂકાદો રદ કરવો જોઈએ અને નોટિસ પુનઃ સ્થાપિત કરવી જોઈએ.

### ચૂકાદો...

ના.હાઈકોર્ટે કાયદાની કલમ 67 અને74 ધ્યાને લીધી. કલમ 67માં અધિકારીને તપાસ કરવાની અને ચોપડા વિ. જપ્ત કરવાની સત્તા છે. તો કલમ 74 હેઠળ શરૂ કરવામાં આવેલ કાર્યવાહી કલમ 67 આધારિત નથી. કલમ 74 ની કાર્યવાહી એક કાર્યવાહી છે અને કલમ 67ની કાર્યવાહીમાં કોઈ અનિયમિતતા હોય તેથી કલમ 74ની કાર્યવાહી ગેરકાયદેસર ગણી શકાય નહીં. ના. હાઈકોર્ટે ના. સુપ્રિમકોર્ટના પૂરણમસના ચૂકાદાનો આધાર લીધો. ના. સુપ્રિમકોર્ટે ઠરાવેલ કે પૂરાવા ગેરકાયદેસર સર્ચ I જપ્તી દ્વારા પ્રાપ્ત થયેલ હતા. તે કારણે તે અસ્વીકાર્ય નથી. કલમ 67 અને કમલ 74 એબે અલગ ક્ષેત્રમાં કાર્યરત છે. અને અંતે ના. હાઈકોર્ટે રીટ-પીટીશન મંજૂર કરી ના.સીંગલ જજનો તા. 28-11-24નો ઓર્ડર દૂર કર્યો. આદેશ ખોટો ઠરાવી બજાવવામાં આવેલ કારણદર્શક નોટિસ માન્ય રાખી, કરદાતાને નોટિસનો જવાબ આપવા, 15 દિવસનો સમય આપેલ છે અને કાયદા અનુસાર કાર્યવાહી કરવા ખાતાને છૂટ આપી.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ” | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ ” | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ ” | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૩૬૦૦ |
| તેજાબી સોનું | ૧૫૩૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૯૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૦૫૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૩૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૧૫૦૦ |